BUSINESS મિત્ર

સેન્સેક્સ 512 પોઇન્ટ ઉછળ્યો છતાં રોકાણકારોના 2.15 લાખ કરોડ ધોવાયા

પસંદગીના શેરોમાં તેજી સામે મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં વેચવાલીથી માર્કેટ કેપ ઘટી

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 16: લાભ પાંચમ બાદ સપ્તાહની શરૂઆતમાં ભારતીય શેરબજારોમાં તેજી જોવા મળી હતી, પરંતુ કેટલાક પસંદગીના શેરોમાં ભારે વેચવાલીએ રોકાણકારોને રૂ. 2.15 લાખ કરોડનો ઘટાડો નોંધાયો હતો. બીજી તરફ, નિફ્ટી 25291 પોઇન્ટ એટલે કે 23250 પોઇન્ટની ઉપર બંધ રહેવામાં સફળ રહી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, શેરબજાર બંધ થતા બીએસઈ પર લિસ્ટેડ કંપનીઓની માર્કેટ કેપ રૂ. 511.37 લાખ કરોડની હતી. જે આજે રૂ. 509.22 લાખ કરોડની થઈ ગઈ હતી.

વૈશ્વિક બજારો લાલ નિશાનમાં હોવા છતાં આજે શરૂઆતથી જ ભારતીય શેરબજારમાં તેજીનો દોર જોવાયો હતો. ખાસ કરીને સતત વિદેશી રોકાણકારો, બ્રેન્ટ ક્રુડ ઓઈલના ભાવમાં ઘટાડો, ભારતીય રૂપિયામાં વધારો અને નાણાકીય વર્ષ 2027ના બીજા ક્વાર્ટરની કોર્પોરેટ કમાણીને ટેકો આપતા શેરબજારમાં ઉછાળો આગળ વધ્યો હતો.

આ અનુકુળ સ્થાનિક અને વૈશ્વિક સંકેતો નવીનતમ ફુગાવાના ડેટા પરની ચિંતાઓને વટાવી ગયા હતા, જે અકંદર બજારના સેન્ટિમેન્ટને ટેકો આપે છે. રોકાણકારો હવે એન્ગ્રોપિકના કાર્ય પર નજર રાખશે.

જથ્થાબંધ ભાવ ફુગાવો ઓકટોબરમાં 12.29 ટકા થયો હતો, જે સપ્ટેમ્બરમાં 11.30 ટકા હતો. જે મુખ્યત્વે બળતણ અને વીજળીના ભાવમાં તીવ્ર વધારાને ફુગાવો વધ્યો હતો.

સેકટર વાઈઝ જોઈએ તો એફએમસીજી, પ્રાઈવેટ બેન્ક અને પીએસયુ બેન્કમાં સુધારો આગળ વધતો જોવા મળ્યો હતો. જ્યારે ફાર્મા, મેટલ અન રિયલ્ટી શેરોમાં ઘટાડો જોવાયો હતો.

બીએસઈ સેન્સેક્સ 82000 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો. બીએસઈ સેન્સેક્સ 512.34 પોઇન્ટ એટલે કે 0.63 ટકા વધીને 82104.79 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેકસ 82311 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 81762 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટીએ 25250 પોઇન્ટની સપાટી કુદાવી દીધી હતી. આજે નિફ્ટી 146.80 પોઇન્ટ એટલે કે 0.58 ટકા વધીને 2591.10 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 25337 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 25172 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 541.80 પોઇન્ટ એટલે કે 0.89 ટકા વધીને 61575.90 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે મહાનગર ગેસમાં 27.12 ગણા, કેઈન્સ ટેકનોલોજીમાં 15.1 ગણા, બેલરાઈસ ઈન્ડ.માં 12.17 ગણા, દિપક ફર્ટીલાઈઝર્સમાં 10.44 ગણા, પીડીલાઈટ ઈન્ડ.માં 7.51 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે બેલરાઈસ ઈન્ડ.માં 34.55 ઘણા, કેઈન્સ ટેકનોલોજીમાં 20.6 ગણા, દિપક ફર્ટીલાઈઝરમાં 14.84 ગણા, ગેલેન્ટ ઈસ્પાતમાં 13.66 ગણા અને આઈનોક્સ વીન્ડમાં 5.46 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં વેચવાલી હાવી રહેતા લાલ નિશાનમાં બંધ રહ્યા હતા. નિફ્ટી મિડકેપ ઈન્ડેક્સ 0.41 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 0.94 ટકા ઘટયા હતા. જેના લીધે માર્ખેટ બ્રેડથ નબળા રહ્યું હતા. એનએસઈ ખાતે 1175 શેરો વધ્યા હતા, જ્યારે 2515 શેરો ઘટયા હતા અને 94 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી એફએમસીજી ઈન્ડેક્સ 1.87 ટકા વધ્યા હતા. જેમાં આઈટીસી, ટાટા કન્જયુમર, નેસલે ઈન્ડિયા, ગોદરેજ કન્ઝયુમર, યુનાઈટેડ સ્પીરીટસ, રેડિકો ખૈતાન, મેરિકો, વરૂણ બેવરેજીસ, ગોડફ્રે ફિલિપ્સ અને ડાબર ઈન્ડિયા વધ્યા હતા.

વૈશ્વિક સ્તરે યુરોપિયન બજારોમાં વધારો થયો હતો. સાવચેતીપુર્વક વલણ વચ્ચે સુધારો જોવાયો હતો. રોકાણકારોએ વૈશ્વિક બજારના વલણો, કોર્પોરેટ વિકાસ અને વ્યાજદરો માટેના દ્રષ્ટિકોણનું મુલ્યાંકન કરશે. એનવીડિયા કવાર્ટરલી પરિણામો અને 19 નવેમ્બરના રોજ એન્ગ્રોપિકના આયોજિત શેરબજારમાં પ્રવેશ પહેલા રોકાણકારોએ એઆઈ સેકટરમાં સતત અનિશ્ચિતતાનું મુલ્યાંકન કર્યુ હોવાથી મોટાભાગના એશિયન બજારો નરમ રહ્યા હતા. યુએસ ટ્રેઝરી યીલ્ડમાં વધારો અને ફેડરલ રિઝર્વના વ્યાજદરો માટેના દ્રષ્ટિકોણની ચિંતા પણ સેન્ટિમેન્ટ પર અસર જોવા મળશે.

યુરોપિયન બજારોમાં એફટીએસઈ 0.35 ટકા, કેક 0.28 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. જ્યારે ડેક્સ 0.03 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 2.47 ટકા, સ્ટ્રેઈટસ 0.94 ટકા, કોસ્પી 3.73 ટકા, તાઈવાન 6.47 ટકા, જકાર્તા 0.44 ટકા અને શાંઘાઈ 0.88 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જ્યારે હેંગસેંગ 0.33 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.



ડોલરમાં પીછેહઠ, રૂપિયો 94ની નીચે

ડોલરમાં પીછેહઠ જવા મળી હતી. જેના લીધે રૂપિયો 94ની નીચે બંધ રહ્યા હતા. કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો 33 પૈસા મજબૂત થઇને 93.92ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 94.25ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 103.20, પાઉન્ડ 123.57, કેનેડિયન ડોલર 65.67, ઓસ્ટ્રેલિયન ડોલર 63.67, ઓસ્ટ્રેલિયન ડોલર 63.86, જાપાનીઝ યેન 0.5864 અને સીંગાપોર ડોલર 72.80ના સ્તરે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર

ડોલર	93.95 ₹.
યુરો	103.65 ₹.
પાઉન્ડ	124.20 ₹.
યેન	0.5910 ₹.

સેન્સેક્સ	2008.61	79310.01
નિફ્ટી	576.00	24536.60
બેન્ક નિફ્ટી	1860.05	57773.65

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
મેક્સ હેલ્થકેર	6.63	1009.90
ટાટા કન્ઝ્યુમર	3.57	1117.50
આઇટીસી	3.54	295.10
અપોલો હોસ્પિટલ	2.87	8771.00
ભારતી એરટેલ	2.26	2153.50

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ટીએમપીવી	8.70	262.40
ટાટા સ્ટીલ	2.37	182.26
મારૂતિ સુઝુકી	2.20	12571.00
હિન્દાલ્કો	2.15	923.30
કોલ ઇન્ડિયા	1.49	397.50

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
આઇટીસી	3.78	294.80
ભારતી એરટેલ	2.16	2152.00
ઇટર્નલ	1.74	370.85
પાવરગ્રીડ	1.69	262.00
એચડીએફસી બેન્ક	1.61	816.00

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ટાટા સ્ટીલ	2.81	181.75
મારૂતિ સુઝુકી	2.36	12573.75
ઇન્ટરગ્લોબ	1.14	5536.00
બજાજ ફાઇનાન્સ	0.88	1843.70
સન ફાર્મા	0.74	1866.95

રામાયણ ફિલ્મમાં રાવણને મહાન બતાડવા પાછળ ક્યો તર્ક કામ કરે છે?



વાલ્મીકિ રામાયણમાં રામને નાયક અને રાવણને ખલનાયક બતાડવામાં આવ્યા છે. તુલસી કૃત રામાયણમાં રામને મર્યાદા પુરુષોત્તમ અને ભગવાન બતાડવામાં આવ્યા છે, જ્યારે રાવણને દુષ્ટ રાક્ષસ બતાડવામાં આવ્યો છે. આ કારણે ખાસ કરીને ઉત્તર ભારતમાં દશેરાના દિવસે રાવણનું પૂતળું બાળવામાં આવે છે. જૈન રામાયણમાં રાવણને જૈન ધર્મના પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાનના ભક્ત બતાડવામાં આવ્યા છે, જે આવતી ચોવીસીમાં જૈન ધર્મના તીર્થંકર બનવાના છે અને જેમનું નામ અમમ સ્વામી હશે. જૈન રામાયણ મુજબ રાવણ સીતાનું અપહરણ કરીને લંકા લઈ ગયો હતો, પણ તેણે સીતા સાથે દુર્વ્યવહાર નહોતો કર્યો, કારણ કે તેણે પ્રતિજ્ઞા લીધી હતી કે કોઈ પણ પારકી સ્ત્રી સાથે તેની ઇચ્છા વિરુદ્ધ શરીરસંબંધ બાંધવો નહીં. આ પ્રતિજ્ઞાનું તેણે નિષ્ઠાપૂર્વક પાલન કર્યું હતું. દક્ષિણ ભારતમાં રાવણને રાક્ષસ નથી માનવામાં આવતો, પણ ભગવાન શંકરનો પરમ ભક્ત માનવામાં આવે છે, જેને કારણે દક્ષિણમાં રાવણનાં મંદિરો પણ બાંધવામાં આવે છે. તાજેતરમાં રિલીઝ થયેલી ફિલ્મ રામાયણના નિર્માતા અને દિગ્દર્શક દક્ષિણ ભારતથી આવતા હોવાથી તેમણે પણ રાવણનું મહિમામંડન કરીને વિવાદ પેદા કર્યો છે.

રામાયણ: ભાગ-૧ ફિલ્મ રામથી શરૂ થતી નથી, પણ રાવણથી શરૂ થાય છે. ફિલ્મનો પહેલો ૪૫ મિનિટનો ભાગ રાવણ પર કેન્દ્રિત છે, જેમાં તેના પરિવાર, તેની તપસ્યા અને તેના સત્તામાં ઉદયનું વર્ણન છે. ફિલ્મની કથા મુજબ રાવણ માત્ર એક સફળ યોદ્ધો જ નથી પણ એક વિદ્વાન પુરુષ પણ છે. રાવણ પોતાની જાતને અને પોતાના રાજ્યને પણ સોનાથી શણગારે છે. રાવણને એક ન્યાયી રાજા તરીકે પણ દર્શાવવામાં આવ્યો છે. તે એક સ્ત્રી સાથે દુર્વ્યવહાર કરનાર સંબંધીને મારી નાખે છે. કાળા જાદુ અને ગુપ્ત વિદ્યામાં માસ્ટર રાવણ ન્યાયના મામલામાં કડક છે. ભગવાન શિવનો ભક્ત આ ખલનાયક રૂપેરી પડદા પર જીવંત થાય છે. રાવણ સીતાનું અપહરણ કરી જાય છે, તેની પાછળ તેનો બદઇરાદો નથી હોતો, પણ રામને લંકા બોલાવીને તેમની સાથે યુદ્ધ કરવાનો ઇરાદો હોય છે, તેમ આ ફિલ્મની કથા કહે છે.

રામાયણ અને મહાભારત બે અમર મહાકાવ્ય છે, જે ભારતમાં દરેક પ્રકારની વાર્તા કહેવાનો પાયો બનાવે છે. વાલ્મીકિએ રામની વાર્તા લખી ત્યારથી દરેક ભાષા અને પરંપરાએ રામાયણની વાર્તાને પોતાની જરૂરિયાતોને અનુરૂપ બનાવી છે. તમિલમાં કંબન અને બંગાળીમાં કૃતિવાસે રામની વાર્તાને ભક્તિમય સ્પર્શ આપ્યો છે. મરાઠીમાં સંત એકનાથે પોતાનું રામાયણ લખ્યું. જી.ડી. માડગુલકર અને સુધીર ફડકેના 'ગીત રામાયણ' એ આ વાર્તાને મહારાષ્ટ્રના દરેક ઘર સુધી પહોંચાડી. જૈન પરંપરામાં પાંચમી સદીમાં થઈ ગયેલા આચાર્યશ્રી વિમલસૂરિના ગ્રંથ 'પઉમચરિયં'માં રામને નહીં પણ લક્ષ્મણને રાવણનો વધ કરતા અને રામને આખરે જૈન સાધુ બનતા દર્શાવવામાં આવ્યા છે. એ.કે. રામાનુજને તેમના લેખ 'ત્રણસો રામાયણ'માં દલીલ કરી હતી કે રામાયણનું કોઈ એક મૂળ સંસ્કરણ નથી. દરેક કથાકારે તેમના સમયને લગતા પ્રશ્નો સાથે સમાન વાર્તા રજૂ કરી છે. મહાભારત સાથે પણ આવું જ બન્યું છે. મરાઠીમાં ઇરાવતી કર્વેનું "યુગંત' અને શિવાજી સાવંતનું "મૃત્યુંજય' બે મુખ્ય ઉદાહરણો છે. આ પરંપરામાં વાર્તાને અગાઉથી જાણવાથી ક્યારેય અવરોધ આવ્યો નથી. શ્રોતાઓ વારંવાર એક જ વાર્તા તરફ પાછા ફરતા રહ્યા, કારણ કે દરેક વાર્તાકારે તેમાં કેટલાક ફેરફારો કર્યા હતા અને દરેક ફેરફાર પાછળ એક કારણ હતું.

રામાયણ: ભાગ ૧ જોતી વખતે એક પ્રશ્ન ખૂબ જ મહત્ત્વપૂર્ણ લાગે છે કે આ વાર્તા ઘણી વખત કહેવામાં આવી છે, તો ૨૦૨૬ માં ફિલ્મ દ્વારા તેને ફરીથી કહેવાની જરૂર શું હતી? તેનો વ્યાપારી જવાબ સરળ છે. મોટા પડદાની નવી ટેકનોલોજી, વૈશ્વિક પ્રેક્ષકો સુધી તેની પહોંચ અને લોકોની ધાર્મિક શ્રદ્ધા આ ફિલ્મને સફળ બનાવી શકે છે. આ ફિલ્મ બનાવવાનાં વ્યાપારી કારણો છે.



રાવણની રાક્ષસ તરીકે નહીં પણ મહાનાયક તરીકે પુનઃકલ્પના કરવાની પરંપરા ઘણા લાંબા સમયથી ચાલી આવે છે. માઇકલ મધુસુદન દત્તના "મેઘનાદવધ કાવ્ય' માં રાવણના વંશજો પ્રત્યે સહાનુભૂતિ દર્શાવવામાં આવી હતી. દ્રવિડ ચળવળના વિચારકોએ રામાયણનું અર્થઘટન એક અલગ દૃષ્ટિકોણથી કર્યું હતું. તેનું સૌથી સ્પષ્ટ ઉદાહરણ પેરિયારનું "સાચું રામાયણ' છે. આ વિચારધારાનો એક ચોક્કસ રાજકીય દૃષ્ટિકોણ છે અને તેને તે દૃષ્ટિકોણથી સમજવું જોઈએ. મણિરત્નમની ફિલ્મ "રાવણ'માં પણ આ પ્રશ્નનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. તેમાં રાવણની હિંસા પાછળનાં રાજકીય અને વ્યક્તિગત કારણોને સમજવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. એક વાત સ્વીકારવી પડશે. રાવણના કિસ્સામાં રામાયણ ફિલ્મને વાર્તાના પોતાના સંસ્કરણનું અર્થઘટન કરવાની સ્વતંત્રતા આપવામાં આવી છે. એવું લાગે છે કે વાર્તા ફરીથી કહેવાનું આ જ કારણ છે. તે રાવણને તેના પોતાના વિચારો અને નૈતિકતા આપવા માંગે છે. જો આ ફિલ્મને તેની કિંમત સાબિત કરવાની જરૂર હોય, તો જવાબ પ્રથમ ૪૫ મિનિટમાં મળી જાય છે, પરંતુ આનાથી આગળનો પ્રશ્ન ઊભો થાય છે કે ફિલ્મ તેના નાયક રામને સમાન સ્વતંત્રતા કેમ નથી આપતી?

રામાયણ ફિલ્મ પહેલી ૪૫ મિનિટ પછી રામના જન્મની વાર્તા તરફ વળે છે, પણ અયોધ્યા પહોંચ્યા પછી તેની ગતિ ધીમી પડી જાય છે. લિન્ડા હચિયોન તેમના પુસ્તકમાં કોઈ પણ વાર્તાને ફરીથી કહેવાની પ્રક્રિયાને બે બાબતોના સંયોજન તરીકે વર્ણવે છે: એક જૂની વાર્તાનું પુનરાવર્તન, પરંતુ બરાબર એ જ રીતે નહીં. બીજું, તેમાં કંઈક નવું ઉમેરી રહી છે. આ ફિલ્મમાં વાર્તા રાવણના ભાગ સિવાય લગભગ કોઈ નવાં તત્ત્વો વિના સંપૂર્ણપણે ફરીથી રજૂ કરવામાં આવી છે. દાખલા તરીકે સ્વયંવરમાં રામ શિવનું ધનુષ્ય ઉપાડે છે અને તેને તોડી નાખે છે. આ રામની શક્તિને પડદા પર દર્શાવવાની એક અદ્ભુત તક છે. રામાયણ ફિલ્મમાં ધનુષ્ય તૂટે ત્યારે સીતા આનંદ કરે છે અને દર્શકો આશ્ચર્યચકિત થઈ જાય છે, પરંતુ આ બધું એવી રીતે બને છે કે જાણે તેમાં કંઈ ખાસ નથી, જે દર્શકોને ઉત્સાહિત કરે. અન્ય ઘટનાઓને પણ ફક્ત ઘટનાઓના ક્રમ તરીકે દર્શાવવામાં આવી છે.

રામાયણ ફિલ્મ ઘણા ચિંતાજનક પ્રશ્નો પણ ઊભા કરે છે, જેમ કે વાલીનો વધ, સીતાની અગ્નિપરીક્ષા અને શંબૂકની વાર્તા. રામના દેશનિકાલનો નિર્ણય, શૂર્પણખા સાથે સંકળાયેલી ઘટના અને વાર્તાના પહેલા ભાગમાં સુવર્ણ હરણનું પ્રકરણ સ્પષ્ટપણે આ તણાવ દર્શાવે છે. જોકે, ફિલ્મ રામાયણને એક સરળ વાર્તા તરીકે રજૂ કરે છે, જ્યાં બધું એક સેટ પેટર્નને અનુસરે છે. રામની વાર્તામાં વનવાસ તેમના ધર્મની પહેલી કસોટી છે. જ્યારે તેમને ખબર પડે છે કે તેમણે પોતાના પિતાને આપેલાં વચનને પૂર્ણ કરવા માટે પોતાનું રાજ્ય છોડીને જંગલમાં જવું પડશે, ત્યારે તેઓ ખચકાટ વિના આ નિર્ણય સ્વીકારે છે. આ તે જગ્યા છે જ્યાં રામના પાત્રનું સપાટીકરણ કરાયું છે.

આ ફિલ્મનો પહેલો ભાગ છે, તેથી તે રામાયણની વાર્તાને સંપૂર્ણપણે દર્શાવશે કે સમાપ્ત કરશે તેવી અપેક્ષા રાખી શકાય નહીં. ધાર્મિક પાત્રનું ચિત્રણ કરતી વખતે ફિલ્મ નિર્માતાઓએ ધાર્મિક લાગણીઓનો વિચાર કરવો જ જોઇએ. આ ફિલ્મ વ્યાપક VFX અને વૈશ્વિક બજારને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવી હતી. આ બધી વિચારણાઓ છતાં એક પ્રશ્ન રહે છે કે ફિલ્મની વાર્તામાં એ રોમાંચ અને ભાવનાત્મક જોડાણ કેમ નથી જેને તે લાયક છે? તેનાં પાત્રો દર્શકો પર કાયમી છાપ કેમ નથી છોડતાં? ફિલ્મ તેમના વ્યક્તિત્વને યોગ્ય રીતે કેમ દર્શાવતી નથી? ફિલ્મના અંતિમ ભાગમાં સીતાનું પુષ્પક વિમાન દ્વારા અપહરણ કરવામાં આવે છે. દરમિયાન, જટાયુ રાવણનો સામનો કરવા માટે આકાશમાં ઉડે છે અને યુદ્ધ થાય છે. આ દૃશ્ય અદભુત રીતે ફિલ્માવવામાં આવ્યું છે, પરંતુ તેમાં ભાવનાત્મક ઊંડાણ અને રોમાંચનો અભાવ છે. આ ફિલ્મે રાવણના પાત્રને નોંધપાત્ર સ્થાન આપ્યું છે.

"રામાયણ: ભાગ ૧' ફિલ્મ સીતાના અપહરણ સાથે સમાપ્ત થાય છે. અહીંથી વાર્તા એક મોટો વળાંક લે છે. રામ અને રાવણ વચ્ચેનો મુકાબલો ફિલ્મના બીજા ભાગમાં થશે, જે ૨૦૨૮ માં રિલીઝ થવાની છે. કદાચ ત્યારે ફિલ્મનો બીજો ભાગ પહેલા ભાગ દ્વારા ઉઠાવવામાં આવેલા પ્રશ્નોના અલગ અલગ રીતે જવાબો આપશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

રાવણ સીતાનું અપહરણ કરી જાય છે, તેની પાછળ તેનો બદઇરાદો નથી હોતો, પણ રામને લંકા બોલાવીને તેમની સાથે યુદ્ધ કરવાનો ઇરાદો હતો, તેમ આ ફિલ્મની કથા કહે છે

રિન્યુએબલ એનર્જી શેરોમાં કડાકો

આઇનોક્સ વિન્ડ અને વિક્રમ સોલારના નબળા ત્રિમાસિક પરિણામોથી સમગ્ર સેક્ટરમાં ભારે વેચવાલી

સુઝલોન અને પ્રીમિયર સહિતના શેરોમાં 9% સુધીનો ઘટાડો

મુંબઇ, તા. 16: ભારતીય શેરબજારમાં આજે રિન્યુએબલ એનર્જી સેકટરમાં ભારે વેચવાલી રહેતા હાહાકાર મચી જવા પામ્યો છે. જેમાં સુઝલોન એનર્જી, પ્રીમિયર એનર્જી અને વારી એનર્જીના શેરોમાં કડાકો બોલાયો હતો, જે 9 ટકાથી વધુનો ઘટાડો નોંધાયો છે. આ ઘટાડાની પાછળ અન્ય કંપનીઓ આઇનોક્સ વિન્ડ અને વિક્રમ સોલારના બીજા ક્વાર્ટરના નબળા પરિણામો છે.

સપ્ટેમ્બર ક્વાર્ટરમાં બંને કંપનીઓએ નફો અને માર્જિનમાં મોટો ઘટાડો નોંધાયો હતો. આનાથી સમગ્ર સેકટર ઉપર નેગેટિવ અસર રહી હતી. રોકાણકારોને ચિંતા છે કે વધતા ખર્ચ અને નબળા માર્જિન અન્ય કંપનીઓ પર પણ દબાણ લાવી શકે છે. સપ્ટેમ્બર ક્વાર્ટરમાં આનોક્સ વિન્ડનો ચોખ્ખો નફો 35.9 ટકા ઘટીને રૂ. 58.83 કરોડ થયો હતો. ગત વર્ષના સમાન ક્વાર્ટરમાં કંપનીએ રૂ. 91.75 કરોડ રૂપિયાનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. જોકે, આવક 21 ટકા વધીને રૂ. 1354.30 કરોડ થઈ છે. જોકે, ઈબિટા માર્જિન ગત વર્ષે 20.4 ટકાથી ઘટીને 15.2 ટકા થઈ ગયું છે. કંપનીએ આનું કારણ કોમોડિટીના ઉંચા ભાવને જવાબદાર ગણાવ્યું હતું. જેથી આઇનોક્સ વિન્ડના 10 ટકાનો ઘટાડો થયો હતો. જે બાવન વીકની ઉંચી સાપટીએથી લગભગ 60 ટકા નીચે છે. વિક્રમ સોલારના પરિણામો નબળા રહ્યા હતા. કંપનીનો ચોખ્ખો નફો 95 ટકા ઘટીને રૂ. 5.9 કરોડ રહ્યો છે. જે ગત વર્ષે આ સમયગાળામાં રૂ. 128 કરોડ હતો. આવક પણ 2.9 ટકા ઘટીને રૂ. 1077 કરોડ થઈ છે. કંપનીનો માર્જિન 21.1 ટકા ઘટીને 9.3 ટકા થયો છે. આ શેરમાં પણ આશરે 9 ટકાનો ઘટાડો થયો હતો. જોકે, બાદમાં થોડી રિકવરી જોવા મળી હતી. છેવટે તે 3.24 ટકાના ઘટાડા સાથે રૂ. 139.19 પર બંધ રહ્યો હતો. આ નબળા પરિણામોની અસર અન્ય રિન્યુએખબલ સેકટર પર જોવા મળી હતી. સુઝલોન એનર્જીના શેરમાં સતત પાંચમાં ટ્રેડિંગ સેશનમાં ઘટાડો થયો હતો. તે 2.14 ટકા ઘટીને રૂ. 37.43 પર બંધ રહ્યો હતો. જે છેલ્લા છ મહિનામાં 29.71 ટકાથી ઘટાડો થયો છે. પ્રીમિયર એનર્જીના શેરનો ભાવ 8.19 ટકા ઘટીને રૂ. 822.50નો બોલાયો હતો. કંપનીની આવક સારી હતી, નફો 30 ટકા વધીને રૂ. 458 કરોડ થયો હતો. જ્યારે આવક 43.3 ટકા વધીને રૂ. 2632 કરોડ થઈ હતી, કંપની પાસે લગભગ રૂ. 16600 કરોડની ઓર્ડર બુક છે. તેજ સમયે વારી એનર્જીનો ભાવ 4.12 ટકા ઘટીને રૂ. 2441 થયો હતો. કંપનીની આવક 23.9 ટકા વધીને રૂ. 7518 કરોડ થઈ હતી. જોકે, રોકાણકારો સાવચેત થઈ ગયા છે, તેઓ માત્ર કંપનીઓની આવક વૃદ્ધિ જોઈ રહ્યા નથી. નફાકારકતા, ઈબિટા માર્જિન તથા કાચા માલનો ખર્ચ અને સમયસર ઓર્ડર પુર્ણ કરવાની ક્ષમતા પણ નિર્ણાયક બની છે. રિન્યુએબલ ઉર્જા ક્ષેત્રમાં બજાર કંપનીઓના પરિણામો અને માર્જિન પર નજર રાખવાનું ચાલુ રાખશે.

સિલ્વર ETF 5% સુધી તૂટ્યા, MCX પર 5,220નો કડાકો

2026માં વૈશ્વિક માંગ 5% ઘટવાના અંદાજ અને જ્વેલરીની નબળી ખરીદીથી રોકાણકારોને ફટકો

ગોલ્ડ ETF પણ 1.44% સુધી લપસ્યા

નવી દિલ્હી, તા. 16: ભારતીય શેરબજાર પોઝિટિવ રહ્યું હતું, પરંતુ ચાંદીમાં રોકાણ કરનારાઓ માટે તે ભારે દિવસ હતો. સીલ્વર ઈટીએફ લગભગ 5 ટકા ઘટીને અને એસબીઆઈ સીલ્વર ઈટીએફ 4.76 ટકા ઘટીને બંધ રહ્યો હતો. આ ઘટાડો અહેવાલ પછી આવ્યો છે, જમાં 2026માં વિશ્વભરમાં ચાંદીની માગમાં 5 ટકાનો ઘટાડો થવાનો અંદાજ છે. અહેવાલમાં જ્વેલરીની નબળી માગ અને સોલાર સેલમાં ચાંદીના ઓછા ઉપયોગને આભારી છે. ગોલ્ડ ઈટીએફ પણ લપસી ગયા હતા. એસબીઆઈ સીલ્વર ઈટીએફ 4.76 ટકા ઘટીને રૂ. 165.20 પર બંધ રહ્યો છે. નિપ્પોન ઈન્ડિયા સિલ્વર ઈટીએફ (સિલ્વરબીઝ) 4.62 ટકા ઘટીને 160.97 રૂપિયા પર બંધ રહ્યો છે. આઈસીઆઈસીઆઈ પ્રુડેન્શિયલ સિલ્વર ઈટીએફ 4.53 ટકા ઘટીને 167.94 રૂપિયા પર બંધ રહ્યો છે. ટાટા સિલ્વર ઈટીએફ પણ 4.53 ટકા ઘટીને 16.42 રૂપિયા પર ટ્રેડ કરી રહ્યો હતો.

ગોલ્ડ લિંક્ડ ઈટીએફ પણ નેગેટિવ રહ્યા હતા. ટાટા ગોલ્ડ ઈટીએફ 1.44 ટકા ઘટીને રૂ. 12.99 પર બંધ રહ્યો છે. આઈસીઆઈસીઆઈ પ્રુડેન્શિયલ ગોલ્ડ ઈટીએફ 1.41 ટકા ઘટીને રૂ. 114.37 પર બંધ રહ્યો હતો. નિપ્પોન ઈન્ડિયા ઈટીએફ ગોલ્ડ બીઈએસ 1.39 ટકા ઘટીને રૂ. 110.35 પર બંધ રહ્યો છે. એસબીઆઈ ગોલ્ડ ઈટીએફ 0.64 ટકા ઘટીને 120.02 રૂપિયા પર હતો.

રોઈટર્સના જણાવ્યા અનુસાર, કન્સલ્ટન્સી મેટલ્સ ફોકસે સિલ્વર ઈન્સ્ટિટ્યુટ માટે એક સંશોધન હાથ ધર્યું છે, જે શુક્રવારે બહાર પાડવામાં આવ્યું હતું. એવો અંદાજ છે કે 2026માં, વૈશ્વિક ચાંદીની માંગ 5 ટકા ઘટીને 1.08 અબજ ઔંસ થઈ જશે.

ઉદ્યોગની માંગમાં ૩ ટકાનો ઘટાડો થવાની ધારણા છે. તેનું કારણ એ છે કે સોલર ફોટોવોલ્ટેઈક ઇન્સ્ટોલેશન્સ અપેક્ષા કરતા ઓછા રહ્યા છે, ખાસ કરીને ચીનમાં. ચાંદીના ઊંચા ભાવે પણ રમત બગાડી છે. મોંઘી ચાંદીના કારણે સોલાર સેલ બનાવવામાં તેના વિકલ્પો ઝડપથી અપનાવવામાં આવી રહ્યા છે, જેના કારણે સેલમાં ચાંદીનો ઉપયોગ ઓછો થઈ રહ્યો છે.

સૌથી મોટો ઘટાડો જ્વેલરીમાં જોવા મળી રહ્યો છે. રિપોર્ટ અનુસાર, ચાંદીના દાગીનાઓની માંગમાં 22 ટકા અને ચાંદીના વાસણોની માંગમાં 17 ટકાનો ઘટાડો થઈ શકે છે.

ભારતમાં ઊંચા ભાવો અને ગામડાઓમાં નબળા ખર્ચને કારણે લોકો નાના અને હલકા માલ તરફ વળી રહ્યા છે. એટલે કે ભારે સામાનને બદલે હળવી ડિઝાઇનની પસંદગી કરવામાં આવી રહી છે. ચીન અને યુ.એસ.માં પણ માંગ ઠંડી છે. ચાંદીનો ઉપયોગ ઇલેક્ટ્રોનિક્સ, ઇલેક્ટ્રિક વાહનો, સોલર પેનલ્સ અને જ્વેલરીમાં વ્યાપકપણે થાય છે. જાન્યુઆરીમાં ચાંદી 121.60 ડોલર પ્રતિ ઔંસની રેકોર્ડ ઊંચી સપાટીએ પહોંચી હતી. ત્યાંથી, કિંમત લગભગ 59 ટકા ઘટીને લગભગ 50 ડોલર થઈ ગઈ છે.

સોના-ચાંદી સુરત
(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૩૯૩૦૦
તેજાબી સોનું	૧૩૯૨૧૦
દાગીના-૨૨ કેરેટ	૧૩૨૩૩૫
દાગીના-બીએસઆઈ હોલમાર્ક	૧૩૩૫૧૫
સોનાનાં બિસ્કીટ	૧૩૯૩૦૦
ચાંદી (૯૯૯)	૧૭૫૪૦૦
ચાંદી સિક્કા	૧૭૬૯૦૦

જથ્થાબંધ ખાંડબજાર
પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

મહારાષ્ટ્ર	
એમ-૩૦ (ભરવાલાયક)	૫૭૦૦
એમ-૩૦	૫૬૦૦
એસ-૩૦	૫૫૦૦
ગુજરાત	
એમ-૩૦	૫૫૦૦
એસ-૩૦	૫૪૦૦

ચાર્ન બજાર સુરત
(GST સાથેના ભાવ)
નરેશ / મુકેશ ઘીવાળા
૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપ્લોન રૂા.		૭૫/૩૬ ,,